ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
મંગળવાર ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬

આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

**દેવમોગરા માતાએ તાપી નદીમાં સ્નાન કરી આમલીના ઝાડ નીચે વિસામો લીધો હોવાથી ગામનું નામ 'ચોખીઆમલી' પડ્યું**

**ગામમાં માતાજી પ્રત્યે ઊંડી શ્રદ્ધા છે, દર મહાશિવરાત્રિએ અહીંથી મહારાષ્ટ્રના દાબ સ્થિત દેવમોગરા માતાના દર્શન માટે પદયાત્રા યોજાય છે**

# પરંપરા, આસ્થા અને વિકાસ તરફ આગળ વધતું કુકરમુંડા તાલુકાનું ગામ




## ગ્રામ પંચાયતના હોદ્દેદારો



**સરપંચ**
રવિદાસ રાયસિંગ પાડવી
**ઉપસરપંચ**
પ્રિયંકાબેન શૈલેષભાઈ વળવી
**સભ્યો**
ગુલાબસિંગ રુબજી પાડવી
બાબુભાઈ સોનજી પાડવી
ગણેશભાઈ ભામટ્યાભાઈ વળવી
વાસુ ભામટ્યાભાઈ વળવી
કિશોરભાઈ બાજીરાવ પાડવી
કાંતિલાલ ગોરજીભાઈ પાડવી
**તલાટી કમ મંત્રી**
ચીમનભાઈ ભાભોર



**કુકરમુંડા તાલુકામાં આવેલું ચોખીઆમલી ગામ ચોખીઆમલી ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ મહત્ત્વનું ગામ છે. કુકરમુંડા તાલુકા મથકથી આશરે 15 કિલોમીટરના અંતરે આવેલું આ ગામ મહારાષ્ટ્રના અક્કલકૂવા વિસ્તારની સરહદ નજીક આવેલું હોવાથી અહીં મહારાષ્ટ્ર અને ગુજરાતની સરહદી સંસ્કૃતિની પણ ઝલક જોવા મળે છે.**


**ચોખીઆમલી ગામના નામ પાછળ એક રસપ્રદ લોકવાયકા પ્રચલિત છે, જે ગામના વડીલો પાસેથી પેઢી દર પેઢી સાંભળવા મળે છે. સ્થાનિક માન્યતા મુજબ જૂના સમયમાં દેવમોગરા માતા નવાપુરના બરડીપાડા તરફથી તાપી નદીના માર્ગે ચોખીઆમલી ગામ સુધી પહોંચ્યાં હતાં. લોકવાયકા મુજબ દેવમોગરા માતાએ ચોખીઆમલી ખાતે તાપી નદીમાં સ્નાન કર્યું હતું. ત્યારબાદ ગામમાં આવેલા આમલીના એક ઝાડ નીચે થોડો સમય વિસામો કર્યો હતો. પાણીમાં સ્નાન કરીને શરીર શુદ્ધ થયું અને ત્યારબાદ આમલીના ઝાડ નીચે માતાએ વિશ્રામ કર્યો હોવાની આ લોકમાન્યતા સાથે ગામના નામને જોડવામાં આવે છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ 'ચોખ્ખી' થવું અને 'આમલી'ના ઝાડ નીચે વિસામો કરવો, આ બંને પ્રસંગોને આધારે સમય જતાં આ સ્થળને 'ચોખીઆમલી' નામ મળ્યું હોવાનું માનવામાં આવે છે.**

**આ લોકવાયકા માત્ર ગામના નામની ઓળખ પૂરતી સીમિત નથી, પરંતુ ચોખીઆમલી ગામની ધાર્મિક આસ્થા, સ્થાનિક સંસ્કૃતિ અને પેઢીઓથી ચાલી આવતી લોક પરંપરાનું પ્રતિબિંબ પણ છે. આજે પણ ગામના લોકો દેવમોગરા માતા પ્રત્યે શ્રદ્ધા ધરાવે છે અને આ લોકવાયકાને ગામના ભૂતકાળ સાથે જોડાયેલી મહત્ત્વપૂર્ણ પરંપરા તરીકે યાદ કરે છે. દર વરસે મહાશિવરાત્રિના દિવસે અહીંથી દેવમોગરા માતા માટે પદયાત્રા નીકળી મહારાષ્ટ્રના દાબમાં માતાના દર્શન માટે જાય છે. ચોખીઆમલી ગામનો ઈતિહાસ અને લોકઆસ્થા યાહા મોગી માતા તથા દેવમોગરા માતા સાથે જોડાયેલો હોવાનું સ્થાનિક લોકોમાં માનવામાં આવે છે.**

## ચોખીઆમલીના લોકો પોતાની મહેનત થકી વિકાસમાં આપી રહ્યા છે યોગદાન

એક તરફ ગામ પોતાની જૂની પરંપરા અને સાંસ્કૃતિક વારસાને સાચવી રહ્યું છે, તો બીજી તરફ શિક્ષણ, રસ્તા, વીજળી, રહેણાક અને અન્ય આધુનિક સુવિધાઓના વિકાસ સાથે ચોખીઆમલી ગામ આધુનિકતા અને વિકાસ તરફ આગળ વધી રહ્યું છે. સરહદી વિસ્તારનું ગામ હોવા છતાં ચોખીઆમલીના લોકો પોતાની મહેનત અને એકતાના બળે ગામના વિકાસમાં સતત યોગદાન આપી રહ્યા છે. આવનારા સમયમાં વધુ સારી સુવિધાઓ અને વિકાસકાર્યો સાથે ચોખીઆમલી ગામ કુકરમુંડા તાલુકામાં એક વિકસિત ગામ તરીકે પોતાની આગવી ઓળખ બનાવે તેવી આશા છે.

## પુરુષોની સરખામણીએ મહિલાઓની સંખ્યા વધુ





ચોખીઆમલી ગામ કુલ 41 હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું છે. વર્ષ-2011ની વસતી ગણતરી મુજબ ગામમાં કુલ 432 અને 300 જેટલાં ઘરો આવેલાં છે. ગામની કુલ વસતી 1,726 છે, જેમાં 842 પુરુષ અને 884 મહિલાનો સમાવેશ થાય છે. આ પ્રમાણે ગામમાં પુરુષોની સરખામણીએ મહિલાઓની સંખ્યા વધુ છે. ગામનો કુલ સાક્ષરતા દર 66.73 ટકા છે, જેમાં પુરુષોનો સાક્ષરતા દર 73.45 ટકા, જ્યારે મહિલાઓનો સાક્ષરતા દર 60.53 ટકા છે. ગામમાં આશરે 1200 જેટલા મતદારો નોંધાયેલા છે. ચોખીઆમલી ગામમાં કુલ 4 ફળિયાં આવેલાં છે. ગામની ધાર્મિક અને સાંસ્કૃતિક ઓળખની વાત કરીએ તો અહીં ભાથીજી મહારાજનું મંદિર અને હનુમાન દાદાનું મંદિર આવેલાં છે. આ ધાર્મિક સ્થળો સ્થાનિક લોકો માટે આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે. ગામમાં રસ્તાની સુવિધાની વાત કરીએ તો ગ્રામ પંચાયત હસ્તક તેમજ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY) હેઠળ RCC રોડનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેના કારણે ગામના લોકો માટે અવરજવર વધુ સરળ બની છે અને ગામને આસપાસના વિસ્તારો સાથે જોડાણ મળ્યું છે. અવરજવર માટે ગામમાં બસ સ્ટેન્ડની સુવિધા પણ ઉપલબ્ધ છે. બસ સ્ટેન્ડ પરથી વિવિધ રૂટની બસો મારફતે ગ્રામજનો તાલુકા મથક તથા આસપાસના વિસ્તારોમાં અવરજવર કરી શકે છે.

## ગ્રામ પંચાયત, આરોગ્ય અને સહકારી પ્રવૃત્તિ

ગામના વિકાસ અને વહીવટી કામગીરી માટે ગામમાં ગ્રામ પંચાયતનું ભવન આવેલું છે. ગ્રામ પંચાયત મારફતે ગામમાં વિવિધ સરકારી યોજનાઓ, વિકાસલક્ષી કામગીરી તથા નાગરિકોને લગતી સેવાઓનું સંચાલન કરવામાં આવે છે. ગામમાં ગ્રામ પંચાયત ભવનની બાજુમાં જ આયુષ્માન આરોગ્ય કેન્દ્ર તથા પેટા આરોગ્ય કેન્દ્ર આવેલું છે. જેના કારણે ગામના લોકોને પ્રાથમિક આરોગ્ય સેવાઓ માટે અન્યત્ર દૂર જવાની જરૂરિયાતમાં ઘટાડો થાય છે. આરોગ્ય કેન્દ્ર મારફતે ગામના લોકોને પ્રાથમિક સારવાર તથા આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ થાય છે. ગામમાં દૂધમંડળીનું મકાન બનાવવામાં આવ્યું છે, પરંતુ હાલમાં ગામના લોકો પોતાનું દૂધ નજીકના ઝાપાઆમલી ગામ ખાતે આવેલી દૂધમંડળીમાં આપવા જાય છે. અહીં એકત્ર થતું દૂધ સુમુલ ડેરીમાં મોકલવામાં આવે છે. આ વ્યવસ્થાથી ગામના પશુપાલકોને દૂધના વ્યવસાય સાથે જોડાઈ આવક મેળવવામાં મદદ મળે છે. ગામમાં પશુપાલન પણ ગ્રામજનોની આજીવિકાનું એક મહત્ત્વનું સાધન છે. વર્ષ-2012ના ઉપલબ્ધ આંકડા મુજબ ગામમાં કુલ 436 પશુધન નોંધાયેલું હતું. પશુપાલન સાથે દૂધ ઉત્પાદનની પ્રવૃત્તિ જોડાયેલી હોવાથી ગ્રામ્ય અર્થતંત્રમાં તેનું મહત્ત્વ જોવા મળે છે.











## પાણીની સુવિધા

ગ્રામજનોને પીવાના પાણીની સુવિધા મળી રહે એ માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા મોટી પાણીની ટાંકીઓની વ્યવસ્થા કરવામાં આવી છે. ગામમાં આશરે 2 લાખ લીટર ક્ષમતાની મોટી પાણીની ટાંકીઓ આવેલી છે. ઉપરાંત ગામનાં વિવિધ ફળિયાંમાં પાણી વિતરણ માટે આશરે 35 જેટલી PVC પાણીની ટાંકીઓ પણ મૂકવામાં આવી છે. ખેતી અને સિંચાઈની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ગામમાં કુકરમુંડા પાણી પુરવઠા જૂથની 1.50 લાખ લીટર ક્ષમતાની પાણીની ટાંકી પણ આવેલી છે. આ પાણીની વ્યવસ્થાના કારણે ગ્રામજનોને પીવાના પાણી તેમજ ખેતી સંબંધિત જરૂરિયાતોમાં સુવિધા મળી રહી છે.




## વર્ષ 1955ની જૂની હવેલીમાં જોવા મળે છે પરંપરાગત સ્થાપત્યની ઝલક

ચોખીઆમલી ગામમાં આશરે 250 જેટલાં મકાનો આવેલાં છે. ગામના અનેક પરિવારોને સરકારી આવાસ યોજનાઓનો લાભ મળ્યો છે. આશરે 80 ટકા જેટલાં ઘરો પ્રધાનમંત્રી આવાસ યોજના તેમજ ટ્રાયબલ સબ-પ્લાન (TSP) હેઠળ મંજૂર થયેલાં પાકા મકાનો હોવાનું ગ્રામજનો જણાવે છે. જેના કારણે અગાઉ કાચાં મકાનોમાં રહેતા પરિવારોને પાકા અને સુરક્ષિત આવાસની સુવિધા મળી છે. ચોખીઆમલી ગામની ખાસિયત માત્ર આધુનિક વિકાસ પૂરતી સીમિત નથી, પરંતુ ગામ પોતાના જૂના વારસાને પણ સાચવી રહ્યું છે. ગામમાં ઓજના દાદા પાડવીની વર્ષ 1955ની જૂની હવેલી જેવા બાંધકામવાળું મકાન આજે પણ ગામના જૂના સમયની યાદોને જીવંત રાખે છે. આ જૂનું મકાન ગામના ઈતિહાસ અને પરંપરાગત સ્થાપત્યની ઝલક આપે છે. તેની સાથે ગામમાં આવેલો જૂનો કૂવો પણ ભૂતકાળની જીવનશૈલીની યાદ અપાવે છે.



